सत्यमेव जयते

| | | |
|---|---|---|
| કેસ આવ્યા તારીખ | : | ૦૭/૦૧/૨૦૨૨. |
| કેસ દાખલ તારીખ | : | ૦૭/૦૧/૨૦૨૨. |
| કેસ નિકાલ તારીખ | : | ૨૦/૦૩/૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૪ – ૦૨ – ૧૪ |
| **આંક** | : | |

## FORM - A

# મે. સુરતના પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : બારડોલી.

**સેશન્સ કેસ નંબર : ૧૬/૨૦૨૬.**

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | બારડોલી પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૦૮૨૧૧૭૨૬/૨૦૨૧. |
| **આક્ષેપિત ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(ક),૫૦૪ મુજબ. |
| **ફરિયાદી** | ભોગબનનાર |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન.એચ.પટેલ |
| **આરોપી** | પ્રતિકભાઇ કાનજીભાઇ પરમાર. |
| **આરોપી તરફે વિ. વકીલ** | શ્રી એસ. પી. ચૌધરી. |

## FORM - B

| | | |
|---|---|---|
| **ગુનો બન્યા તારીખ** | : | ૨૦/૦૮/૨૦૨૧. |
| **ફરિયાદની તારીખ** | : | ૨૩/૦૮/૨૦૨૧. |
| **ચાર્જશીટની તારીખ** | : | ૧૮/૧૨/૨૦૨૧. |

| | | |
|---|---|---|
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | **:** | ૨૨/૧૨/૨૦૨૨. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | **:** | ૦૬/૦૨/૨૦૨૩. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | **:** | ૨૦/૦૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | **:** | ૨૦/૦૩/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો** | **:** | લાગુ પડતું નથી. |

## –:: આરોપીની વિગત ::–

| | | |
|---|---|---|
| **આરોપીનું નામ** | **:** | પ્રતિકભાઇ કાનજીભાઇ પરમાર, રહેવાસી : એ–૪, જે.પી.નગર, શાસ્ત્રી રોડ,બારડોલી, તાલુકો : બારડોલી, જીલ્લો : સુરત. |
| **ધરપકડની તારીખ** | **:** | ૨૯/૦૮/૨૦૨૧. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | ૦૧/૦૯/૨૦૨૧. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(ક), ૫૦૪ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ |
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | ૧ દિવસ. |

## FORM - C

### (એ) ફરિયાદપક્ષના મૌખિક પુરાવાઓની વિગત :–

| ક્રમ | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| (૧) | ભોગબનનાર | ફરિયાદી | ૦૪ |
| (૨) | અમીતભાઇ દીલીપભાઇ રબારી. | સાહેદ | ૦૬ |
| (૩) | અજય દીલીપભાઇ રબારી. | સાહેદ | ૦૭ |

| | | | |
|---|---|---|---|
| (૪) | શીલાબેન રામસીંગભાઇ ચૌધરી. | પી.એસ.ઓ | ૦૯ |
| (૫) | ભરતભાઇ સુભાષભાઇ ગામીત | એ.એસ.આઇ. | ૧૩ |

**(બી) ફરિયાદપક્ષના દસ્તાવેજી પુરાવાઓની વિગત :–**

| ક્રમ | દસ્તાવેજોની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ. | ૫ |
| (૨) | તપાસ સંભાળી લેવાનો હુકમ. | ૧૦ |
| (૩) | સૂચિપત્ર. | ૧૧ |
| (૪) | સ્ટેશન ડાયરીના ઉતારાની ખરી નકલ. | ૧૨ |

## –:: ચુકાદો ::–

(૧) હાલના કેસના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૫૪(ક), ૫૦૪ મુજબના ગુનાઓનો આક્ષેપ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત જોઇએ તો એ મુજબની છે કે, તારીખ : ૨૦/૦૮/૨૦૨૧ ના રોજ રાત્રે ૧૧:૦૦ વાગ્યે આ કામના આરોપી પ્રતિકભાઇ કાનજીભાઇ પરમાર રહે. જે.પી. નગર, ઘર નં. ૪, બારડોલી આ કામના આરોપી અને આ કામના ફરીયાદીના દિયરને પૈસાની લેતી દેતી બાબતે ઝગડો થયેલ જે સમયે આ કામના ફરીયાદી બન્ને પક્ષને સમજાવવા જતાં આ કામના આરોપી ફરીયાદી સામે ખરાબ નજરે જોઇ ફરીયાદીની છાતી ઉપર હાથ નાંખી છાતીને સ્પર્શ કરી છેડતી કરેલ હોય બારડોલી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં બારડોલી પોલિસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજિ. નંબર : ૧૧૨૧૧૪૦૦૮૨૧૧૭૨૬/૨૦૨૧ થી ગુનો નોંધવામાં આવેલ.

(૩) ત્યાર બાદ તપાસનીશ અધિકારીએ સદર કામે તપાસ કરેલ અને તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(ક), ૫૦૪ મુજબના ગુનાઓનું બારડોલીના એડી. ચીફ જયુ. મેજી.શ્રીની કોર્ટમાં દાખલ કરેલું, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર : ૭૫/૨૦૨૨ થી નોંધાયેલ.

(૪) સ્પેશ્યલ એટ્રોસીટી કેસ નંબર : ૧૩/૨૦૨૧ તથા ૭૫/૨૦૨૨ સામેનો આ ક્રોસ કેસ છે. સદર એટ્રોસીટી કેસ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવેલ હોવાથી બંને કેસોની ઇન્સાફી કાર્યવાહી એક જ અદાલતમાં ચાલે તે ન્યાયોચિત હોવાથી બારડોલીના વિ. મેજીસ્ટ્રેટશ્રી દ્વારા આરોપી વિરૂદ્ધનો સદર ફોજદારી કેસ અત્રેની એડીશ્નલ સેશન્સ કોર્ટ તરફ કમીટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નંબર : ૧૬/૨૦૨૬ આપવામાં આવેલ.

(૫) આ કામના આરોપી સદર ગુનાના કામે જામીન ઉપર મુકત થયેલા છે. આરોપીને ચાર્જશીટનાં કેસ પેપર્સની નકલો વિનામૂલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપી વિરૂદ્ધ આંક : ૩ થી તહોમતનામું ફરમાવી આરોપીને તે વાંચી, સંભળાવી, સમજાવી આરોપીનો આંક : ૦૫ થી જવાબ લેતાં આરોપીએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ અને પોતાના વિરૂદ્ધની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માંગણી કરેલ.

(૬) ફરિયાદપક્ષ તરફથી આરોપી સામેના આક્ષેપો પૂરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ "સી" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

(૭) સદર કામે ફરિયાદપક્ષ ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયા બાદ આરોપીનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ પોતાની વિરૂદ્ધ રજૂ થયેલ પુરાવાની આક્ષેપિત હકીકતોનો ઇન્કાર કરેલ છે. તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓ વિરૂદ્ધ ખોટી ફરિયાદ કરવામાં આવેલ છે.

(૮) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. વકીલ શ્રી એન.એચ.પટેલ ની દલીલો સાંભળી. આરોપી તરફે વિ. વકીલ શ્રી એસ.પી. ચૌધરીની દલીલો સાંભળી.

(૯) સરકાર પક્ષે રજૂઆત છે કે, ફરિયાદી તથા સાહેદોના પુરાવાથી બનાવ તે આ કામના આરોપી પ્રતિકભાઇ કાનજીભાઇ પરમાર રહે. જે.પી. નગર, ઘર નં. ૪, બારડોલી આ કામના આરોપી અને આ કામના ફરીયાદીના દિયરને પૈસાની લેતી દેતી બાબતે ઝગડો થયેલ તે બાબતનો છે તે સમયે આ કામના ફરીયાદી બન્ને પક્ષને સમજાવવા જતાં આ કામના આરોપી ફરીયાદી સામે ખરાબ નજરે જોઇ ફરીયાદીની છાતી ઉપર હાથ નાંખી છાતીને સ્પર્શ કરી છેડતી કરેલ અને તે બાબતે ફરિયાદ આપેલ હોવાની હકીકત જણાઇ આવે છે. આમ, રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ સ્પષ્ટપણે પૂરવાર કરી શકેલ હોવાથી આરોપીને દોષિત ઠરાવી સખ્ત સજા કરવા વિનંતી કરેલ છે.

(૧૦) આ કામના આરોપી તરફે વિ.વકીલશ્રી ની રજૂઆત છે કે, ફરિયાદીનો પુરાવો જોતાં ફકત એટલી જ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, સદર કામના આરોપીએ તેમના પતિ સામે એટ્રોસીટીનો કેસ કરેલ છે. જે બારડોલી

ગુ. ર. નં. ૧૧૨૧૪૦૦૮૨ ૧૧૭૧૮/૨૦૨૧ થી ઇ.પી.કો. ની કલમ ૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટ મુજબ રજિસ્ટર થયેલ છે જે બાબતનો હાલમાં આ કોર્ટમાં સ્પે. એટ્રોસીટી કેસ નં. ૧૩/૨૧ થી ટ્રાયલ ચાલુ છે. રજૂ પુરાવો તથા ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ નથી, તેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(૧૧) આ કામે બંને પક્ષની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને લઇ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબા મુદ્દાઓ ઊપસ્થિત થયેલા છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિશંકપણે સાબિત કરે છે કે, તારીખ : ૨૦/૦૮/૨૦૨૧ ના રોજ રાત્રે ૧૧:૦૦ વાગ્યે આ કામના આરોપી પ્રતિકભાઇ કાનજીભાઇ પરમાર રહે. જે.પી. નગર, ઘર નં. ૪, બારડોલી નાઓ તથા આ આ કામના ફરીયાદીના દિયરને પૈસાની લેતી દેતી બાબતે ઝગડો થયેલ જે સમયે આ કામના ફરીયાદી બન્ને પક્ષને સમજાવવા જતાં આ કામના આરોપીએ ફરીયાદી સામે ખરાબ નજરે જોઇ ફરીયાદીની છાતી ઉપર હાથ નાંખી છાતીને સ્પર્શ કરી છેડતી કરેલ હોય તે રીતે આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(૨), ૫૦૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

(૨) શું હુકમ?

(૧૨) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નંબર – ૧ :–**

(૧૩) સદર કામના આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(૨), ૫૦૪ મુજબના ગુનાઓ સંબંધેનું તહોમત મૂકવામાં આવેલ છે. આરોપીએ આક્ષેપિત ગુનાઓ કરેલા છે કે કેમ તે નિર્ણિત કરવા ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલા પુરાવાઓનું મૂલ્યાંકન કરવાનું રહે.

(૧૪) ફરિયાદી ભોગબનનારનો આંક : ૦૪ નો પુરાવો જોઇએ તો, તેઓ ધ્યાનમ આયુર્વેદીક થેરાપી સેન્ટર ચલાવે છે. તા. ૨૦/૦૮/૨૦૨૧ ના રોજ રાતના તેઓ તેમના પતિ સાથે જમી પરવારીને સુઇ ગયેલ તે દરમ્યાન રાત્રે આશરે સાડા અગીયાર વાગે તેમના પતિ ઉપર તેમના દિયર અજયભાઇનો ફોન આવેલ અને જણાવેલ કે ઘરની નીચે આવો તેથી તેઓ ઘરની નીચે આવેલ. તેઓને કોઇએ નાલાયક ગાળો આપેલ નથી કે તેમની સાથે કોઇએ છેડતી કરેલ નથી કે તેમની સામે કોઇએ ખરાબ નજરથી જોયેલ નથી. તેઓએ તેમના ઘરની નીચે થયેલ બોલાચાલી બાબતે ફરીયાદ આપેલ. ફરિયાદીના પુરાવાથી ફરિયાદ હકીકતને સમર્થન મળી શકેલ નથી.

(૧૫) ફરીયાદી તરફે આંક : ૦૬ થી ભોગબનનારના પતિ અને આંક : ૦૭ થી ભોગબનનારના દિયરના પુરાવા જોતાં અજયએ તેના મિત્ર હાર્દિકને તેના કામ માટે ૩૦૦૦/– રૂપીયા આપેલ તે પૈસા વારંવાર માંગવા છતા આપતો ન હતો અને તેના ભાઇ પ્રતિકે જણાવેલ કે તે પૈસા તારે મારી પાસે લેવાના છે તેમ જણાવેલ. તેઓને કોઇએ નાલાયક ગાળો આપેલ નથી કે તેમની સાથે કોઇએ છેડતી કરેલ નથી કે તેમના ઘરની સ્ત્રી સામે કોઇએ ખરાબ નજરથી જોયેલ નથી આ પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૧૬) આંક–૦૮ થી શીલાબેન રામસીંગભાઇ ચૌધરીને તપાસવામાં આવેલ છે, જેઓએ પી.એસ.ઓ. તરીકે કામગીરી બજાવેલ છે અને તેઓએ તેમની ભૂમિકા પ્રમાણે જુબાની આપેલ છે. ગુનાની તપાસ કરનાર એ.એસ.આઇ.શ્રી ભરતભાઇ સુભાષભાઇને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે.

(૧૭) તપાસ કરનાર અધિકારી ભરતભાઇ સુભાષભાઇ ગામીતનો આંક : ૧૩ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ વર્ષ ૨૦૧૯ ના રોજ બારડોલી પોલિસ સ્ટેસનમાં ફરજ ઉપર હાજર હતા ત્યારે ફરિયાદીએ પી.એસ.ઓ. શીલાબેન રામસીંગભાઇ ચૌધરી રૂબરૂ ફરિયાદ આપેલ અને હાલનો ગુનો દાખલ થયા બાદ તેઓને તપાસ મળતાં તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, આરોપીને અટક કરેલા અને પૂરતાં પુરાવા જણાતાં તમો આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરેલું. આ સાહેદની ઊલટતપાસ જોતાં તેમાંથી કોઇ મહત્વની હકીકત જણાઇ આવતી નથી. સદર સાહેદે ગુનાની તપાસ કરી ચાર્જશીટ કરેલ

છે અને તેઓએ તપાસ દરમ્યાન કરેલ કામગીરી અંગે વિસ્તૃત પુરાવો આપેલ છે. અલબત્ત, આ સાહેદના પુરાવામાંથી આરોપી વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૧૮) આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં ફકત આરોપીએ ફરીયાદી સામે ખરાબ નજરે જોયેલ હોવાની તથા ગાળો આપેલ હોવા બાબતે આક્ષેપ કરેલ હોવાનું જણાઇ આવે છે, પરંતુ ખૂદ ફરિયાદીના પુરાવાથી ફરિયાદ હકીકતને સમર્થન મળતું નથી. સાહેદો ફરિયાદીના કુટુંબના સગા છે અને નજરે જોનાર છે, છતા તેઓ ફરિયાદવાળા આક્ષેપને સમર્થન આપતા નથી. પંચનામા જેમ છે તેમ માની લેવામાં આવે તો પણ તેના ફરિયાદપક્ષના કેસને કોઇપણ પ્રકારનું સમર્થન મળતુ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી **મુદ્દા નંબર : ૧ નો નિર્ણય નકારમાં** આપી **મુદ્દા નંબર : ૨** ના નિર્ણય અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના આરોપી પ્રતિકભાઇ કાનજીભાઇ પરમારને ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૫૪(ક), ૫૦૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂા.૧૦,૦૦૦/- અંકે રૂપિયા દસ હજાર પૂરાના ૬(છ) મહિનાના સમયગાળા સુધીના જામીન

તથા જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કરવા તેવો

હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૨૦મી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ:** ૨૦/૦૩/૨૦૨૬
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE- GJ00582